# ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ

(જાહેરાત ક્રમાંકઃ ૨/ ૨૦૧૦-૧૧) (ફકત બેકલોગની અનામત વર્ગની ખાલી જગા માટે)

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ ધ્વારા ગુજરાત રાજયની જુદી જુદી જિલ્લા પંચાયતો હેઠળની પંચાયત સેવાની નીચે દર્શાવેલ **ગ્રામ પંચાયત મંત્રી** (વર્ગ-૩) સંવર્ગની ફકત બેકલોગની અનામત વર્ગની ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઇટ પર તા. ૨૮-૧૨-૨૦૧૦ થી તા. ૨૭-૦૧-૨૦૧૧ (સમય રાત્રિના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો Photograph (10 kb) અને Signature (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે, જે ઓનલાઇન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને બોર્ડ ધ્વારા માંગણી થયેથી અચૂક રજૂ કરવાના રહેશે.

૧. ગ્રામ પંચાયત મંત્રી સંવર્ગની ફકત બેકલોગ અનામત વર્ગની ખાલી જગ્યા અને પગાર ધોરણની વિગતો નીચે મુજબ છે.

| જા..ક્ર. | ખાલી જગ્યાના સંવર્ગનું નામ | પગાર ધોરણ | અનુસૂચિત જનજાતિ | | સા.શૈ.પ. વર્ગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | |
| ૨/ ૨૦૧૦-૧૧ | ગ્રામ પંચાયત મંત્રી (પંચાયત સેવા) (વર્ગ-૩) | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ. ૪૫૦૦/- ફીકસ પગાર ત્યારબાદ પગાર ધોરણ ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૧૯૦૦ | ૫૩ | ૨૩ | ૦૬ | ૦૩ | ૮૫ |

આ જાહેરાતમાં જિલ્લાવાર ફકત બેકલોગની અનામત વર્ગની ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| અનુ. નં. | જિલ્લાનું નામ | જે તે જિલ્લાની જિલ્લા પંચાયત હસ્તક ગ્રામ પંચાયત મંત્રીની ફકત બેકલોગની અનામત વર્ગની ખાલી જગાની વિગત. | ખાલી જગ્યાની કેટેગરી |
|---|---|---|---|
| ૧. | પંચમહાલ | ૫૮ | અનુસૂચિત જનજાતિ |
| ૨. | સુરત | ૧૮ | અનુસૂચિત જનજાતિ |
| ૩. | તાપી | ૦૯ | સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ |
| કુલઃ- | -- | ૮૫ | --- |

**નોંધઃ-**

(૧) આ જગ્યાઓ ફકત બેકલોગની અનામત વર્ગની ખાલી જગ્યાઓ માટે હોઇને આ જાહેરાતમાં દર્શાવેલ બેકલોગ ખાલી જગ્યા જે અનામત કેટેગરીની હોય તે અનામત કેટેગરી ધરાવતા ઉમેદવારે જ અરજી કરવાની રહેશે, તે સિવાયની અન્ય અનામત કેટેગરીના ઉમેદવારો કે બિન અનામત વર્ગના ઉમેદવારોએ અરજી કરવાની રહેતી નથી, અન્યથા તેવી અરજીઓ આપોઆપ રદ કરવામાં આવશે.

(૨) જા.નં. ૨/ ૨૦૧૦-૧૧ અન્વયે ગ્રામ પંચાયત મંત્રી સંવર્ગની બેકલોગની અનામત વર્ગની ખાલી જગ્યાઓ પૈકી જે તે અનામત વર્ગના માજી સૈનિક માટે ૧૦% જગ્યાઓ અને જે તે અનામત વર્ગના શા.ખો.ખાં. માટે ૩% જગાઓ નિયમો અનુસાર અનામત છે.

(૩) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના ઉમેદવારો માટે જ અનામત છે.

(૪) જે તે અનામત કેટેગરી ધરાવતી મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા તે જ કેટેગરીના લાયક પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૫) જે તે અનામત વર્ગના માજી સૈનિક તથા જે તે અનામત વર્ગના વિકલાંગની જગ્યા જે તે અનામત કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો જે તે અનામત વર્ગના માજી સૈનિક કેટેગરીમાં લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યાઓ જે તે અનામત કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૬) ઉકત જગ્યા માટેના પગાર ધોરણ/ વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત નીચેની વિગતે છે, જે નિયત લાયકાતો ધરાવતા ઉમેદવારે ઉકત જગ્યા માટે એક જ અરજી કરવાની રહેશે.

૨. **પગાર ધોરણઃ-** બોર્ડ ધ્વારા પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર નિમણુંક થયેથી, નાણાં વિભાગના તા. ૧૬-૨-૨૦૦૬ના તથા તા. ૨૯-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭-ઝેડ-૧, અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ માટે જે તે જગ્યા માટે નિયત થયેલ ફીકસ પગાર મળશે અને પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક સત્તાધિકારી ધ્વારા સામાન્ય વહીવટ વિભાગનાં તા. ૪-૬-૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૨૦૦૮-૪૩૩૭૧૭ – ગ-૫, માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન આ જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણુંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે.

૩. **રાષ્ટ્રીયતાઃ-** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

**૪. (૧) વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતોઃ-**

| જા. ક્ર. | સંવર્ગ | વયમર્યાદા/ શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૨/૨૦૧૦-૧૧ | ગ્રામ પંચાયત મંત્રી (પંચાયત સેવા) (વર્ગ-૩) | (ક) તા. ૨૭-૦૧-૨૦૧૧ ના રોજ ઉમેદવાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરનો ન હોવો જોઇએ અને ૨૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇએ નહીં.<br>(ખ) ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-૧૨/ H.S.C.E.) અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. (ગ) ઉમેદવાર ગુજરાતી અને હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ. |

**૪. (૨) વયમર્યાદામાં છૂટછાટઃ-** અનામત વર્ગના ઉમેદવારોને તથા મહિલા ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

(ક) મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જનજાતિ અને સા.શૈ.પ. વર્ગના અનામત વર્ગના પુરૂષ ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

(ખ) અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના અનામત વર્ગના મહિલા ઉમેદવારને દશ (૧૦) વર્ષની ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

(ગ) ૪૦% કે તેથી વધુ અપંગતા ધરાવતાં અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક

પછાત વર્ગના અનામત વર્ગના ઉમેદવારોને નિયતઉપલી વયમર્યાદામાં દશ (૧૦) વર્ષની વધારાની છૂટછાટ મળશે.

(ધ) અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના અનામત વર્ગના માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થલ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છૂટછાટ મળશે.

(ચ) સા.શૈ.પ. વર્ગના ઉમેદવારો નાણાંકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ (તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૩-૨૦૧૦) નું નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ સક્ષમ અધિકારીથી તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૨૭-૦૧-૨૦૧૧ દરમ્યાન ઇસ્યુ કરાયેલ હોય તેવું ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે, અન્યથા અરજી ''રદ'' થશે.

(છ) ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય) ૧૯૯૮ મુજબ રાજય સરકારમાં હાલ સેવા બજાવતા અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના કર્મચારીઓ ઉમેદવારી નોંધાવશે તો તેવા ઉમેદવારોને કેટેગરી પ્રમાણે મળતી છૂટછાટ ઉપરાંત વધુ ત્રણ વર્ષની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં મળશે.

નોંધઃ-તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદામા નિયમોનુસાર મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇશે નહીં.

**૫. કોમ્પ્યુટરની જાણકારીઃ-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૮-૨૦૦૮ ના સરકારી ઠરાવ નં. સીઆરઆર- ૧૦-૨૦૦૭- ૧૨૦૩૨૦- ગ-૫, થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. **અથવા** સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/ ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ **નિમણુંક સત્તાધિકારી સમક્ષ** કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક

મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણુંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

**૬. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ (Cut off Date) :-**

જાહેરાતમાં દર્શાવેલ જે તે અનામત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને નોન ક્રીમીલેયર સર્ટી. અને અન્ય જરૂરી લાયકાત માટે તા. ૨૭-૦૧-૨૦૧૧ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**૭. અરજી કરવાની રીતઃ-** આ જાહેરાતના સંદર્ભમાં બોર્ડ ધ્વારા NIC ની વેબસાઇટ મારફત ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખઃ ૨૮-૧૨-૨૦૧૦ થી તા. ૨૭-૦૧-૨૦૧૧ (સમય રાત્રિના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન વેબસાઇટ http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં વેબસાઇટ http://ojas.guj.nic.in પર જવું. હવે (૨) "Apply On line" Click કરવું. (૩) **"GRAM PANCHAYAT MANTRI"** પર click કરવાથી જગ્યાની વિગતો મળશે. (૪) તેની બાજુમાં "Apply now" પર click કરવાથી Application Format ખુલશે. (૫) જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) અરજીમાં ઉમેદવારે મોબાઇલ નંબર દર્શાવવો જરૂરી છે. (૬) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર click કરવું (૭) તેની નીચે "Self declaration" ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૮) ત્યારબાદ તેની નીચે એક કોડ સ્ક્રીન ઉપર દેખાશે, જેને Enter કર્યા બાદ "save" પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. (૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૦) હવે પેજના ઉપરના ભાગમાં "Upload Photograph પર click કરો અહીં તમારો Application Number type કરો અને તમારી Birth Date type કરો. ત્યારબાદ ok પર click કરવું. અહીં Photo અને Signature Upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે computer માં હોવા જોઇએ.) "browse" button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store

થયેલ છે, તે ફાઇલને select કરો અને "open" button ને click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૧) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. કન્ફર્મ કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં થઇ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી: સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઇ જશે. અહીં **"Confirmation number"** generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૨) હવે Print Application પર click કરવું અહીં તમારો Confirmation number ટાઇપ કરવો અને Print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૩) જો અરજીમાં આપે મોબાઇલ નંબર દર્શાવેલ હશે તો અરજી confirm થયેથી તુરત જ આપને અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર તે અંગેનો SMS મળશે. આપના મોબાઇલ નંબર ઉપર બોર્ડ ધ્વારા આ જાહેરાત સંદર્ભે મળનાર વિવિધ SMS આપને માન્ય રહેશે.

૮. **પરીક્ષા ફીઃ-** આ જાહેરાત ફકત અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની બેકલોગની અનામત ખાલી જગા માટેની હોઇને બોર્ડ ધ્વારા નિયમોનુસાર પરીક્ષા ફી ઠરાવેલ નથી.

૯. **પરીક્ષા પધ્ધતિઃ-**

અરજીપત્રકમાં ભરેલ સંપૂર્ણ વિગતોની પ્રાથમિક ચકાસણી બાદ નિયત લાયકાત અને નિયત વયમર્યાદામાં યોગ્ય ઠરેલ ઉમેદવારોને ગ્રામ પંચાયત મંત્રીની જગા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે બોર્ડ ધ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ NIC ની વેબસાઇટ http://ojas.guj.nic.in મારફત online કોલલેટર ઇસ્યુ કરીને પરીક્ષાના તારીખ, સમય અને સ્થળની જાણ કરવામાં આવશે. જે માટે બોર્ડ ધ્વારા લાયક ઉમેદવારોને NIC ની નિયત વેબસાઇટ ઉપરથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર online download કરવા માટે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તેઓના મોબાઇલ નંબર ઉપર "SMS" મોકલીને અને અગ્રગણય અખબારોમાં તેમજ વેબસાઇટ ઉપર ટૂંકી જાહેરાતથી જાણ કરવામાં આવશે.

સદર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા ગુજરાત સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૩૧-૮-૨૦૧૦ ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/ ૨૦૧૦/ પીઆરઆર/ ૧૦૨૦૦૯/ ૧૯૭૬/ ડી, થી ઠરાવ્યા મુજબ ફકત કુલ-૧ (એક) પ્રશ્નપત્ર નીચે મુજબ રહેશે. આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા એક જ દિવસે અને સરખા સમયે લેવામાં આવશે.

સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઃ-

(૧) પ્રશ્નપત્ર (હેતુલક્ષી), સમયઃ એક કલાક, કુલ ગુણ-૧૦૦

ઉકત પ્રશ્નપત્રમાં (૧) ગુજરાતી ભાષા-૨૦ ગુણ (૨) ગુજરાતી વ્યાકરણ-૧૫ ગુણ
(૩) અંકગણિત-૧૫ ગુણ (૪) અંગ્રેજી વ્યાકરણ-૧૫ ગુણ
(૫) સામાન્ય જ્ઞાન-૩૫ ગુણના હેતુલક્ષી પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે.

(૧) બોર્ડ ધ્વારા નિયત સમયમર્યાદામાં ઓનલાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોને આ સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉપસ્થિત રહેવા દેવામાં આવશે.

(૨) આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા સામાન્ય જ્ઞાન આધારીત હેતુલક્ષી પ્રશ્નોનું ઉત્તરપત્ર ઓ.એમ.આર. (ઓપ્ટીકલ માર્કસ રીડીંગ) પધ્ધતિનું રહેશે.

(૩) બોર્ડ ધ્વારા આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણ આધારે તમામ હાજર ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાર મેરીટ ક્રમાનુસાર ગ્રામ પંચાયત મંત્રીની કેટેગરીવાર પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાર મેરીટ આધારે તૈયાર થયેલ પસંદગી યાદીમાં પસંદગી પામેલ ઉમેદવારોને જે તે જિલ્લાની જે તે કેટેગરીની ખાલી જગ્યા ઉપર યોગ્ય રીતે નિયમોનુસાર ફાળવણી કરીને વિગતવાર નિમણુંક માટે ભલામણ બોર્ડ ધ્વારા નિયત શરતોને આધીન કરવામાં આવશે.

(૪) બોર્ડ ધ્વારા સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાની તારીખ નિયત થયેથી ઓનલાઇન અરજીમાં દર્શાવેલ ઉમેદવારોના મોબાઇલ નંબર ઉપર “SMS” ધ્વારા તેમજ વેબસાઇટ ઉપર અને અગ્રગણ્ય અખબારોમાં ટૂંકી જાહેરાત પ્રસિધ્ધ કરીને જાણ કરવામાં આવશે. ત્યારબાદ ઉમેદવારોએ કોમ્પ્યુટર ઉપર NIC ની વેબસાઇટ ઉપરથી online કોલલેટર download કરીને મેળવી લેવાના રહેશે. જે માટે ઉમેદવારોએ online કોલલેટર મેળવવા

કોમ્પ્યુટર ઉપર NIC ની વેબસાઇટની મુલાકાત સતત લેવાની રહેશે, અન્યથા બોર્ડ જવાબદાર રહેશે નહીં.

**૧૦. સામાન્ય શરતોઃ-** (૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. (૨) (અ) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬-૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક) ના નમૂનામાં તા. ૩૧-૩-૨૦૧૦ ના રોજ પૂરા થયેલ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ (તા. ૧-૪-૨૦૦૯ થી ૩૧-૩-૨૦૧૦) માટેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીથી તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૨૭-૦૧-૨૦૧૧ દરમ્યાન ઇસ્યુ કરાયેલ હોય તેવું અસલ પ્રમાણપત્ર માંગણી થયેથી બોર્ડને રૂબરૂ રજૂ કરવાનું રહેશે. અન્યથા ઉમેદવારી/ પસંદગી “રદ“ કરવામાં આવશે. (બ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણિત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે. (૩) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં. (૪) એક જાહેરાત માટે જો એકથી વધુ અરજી મળેલ હશે તો સૌથી છેલ્લી અરજી વિચારણામાં લેવામાં આવશે. (૫) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર જે તે અનામત વર્ગની વિધવા મહિલા ઉમેદવાર માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ તે સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત બોર્ડની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં બોર્ડની કચેરીમાં રજૂ કરવાના રહેશે. (૬) ઉકત જગ્યા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારે જ અરજી કરવાની રહેશે, અન્યથા કોઇપણ તબકકે અરજી/ ઉમેદવારી બોર્ડ ધ્વારા “રદ“ કરવામાં આવશે. **(૭) બોર્ડ તરફથી આપવામાં આવતી નવી સૂચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઇટ અવારનવાર જોતાં રહેવું.**

**નોંધઃ-** (૧) ગ્રામ પંચાયત મંત્રીની જગ્યાના ભરતી નિયમો અન્વયે ઠરાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વયમર્યાદામાં છૂટછાટ, પગાર ધોરણ તેમજ જાહેરાતની અન્ય તમામ વિગતો બોર્ડની કચેરીના અને સબંધિત જીલ્લા પંચાયતોના નોટીસ બોર્ડ ઉપર તેમજ (અ) NIC ની વેબસાઇટ http://ojas.guj.nic.in ઉપર (બ) “ગુજરાત રોજગાર સમાચાર“ તથા

તેની વેબસાઇટ **www.gujaratinformation.net** ઉપર તેમજ (ક) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરની વેબસાઇટ **http://panchayat.gujarat.gov.in** ઉપર પણ જોવા મળશે. (૨) ઉકત જાહેરાતની વિગતો તેમજ ઓનલાઇન અરજી ભરવા સંબંધિત કોઇ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન (અ) ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર-૧૮૦૦-૨૩૩-૫૫૦૦ તેમજ (બ) બોર્ડની કચેરીના ફોન નં. ૦૭૯-૨૬૩૦૦૯૧૫ ઉપર સંપર્ક કરી શકાશે.

**૧૧. સામાન્ય સૂચનાઓઃ-**

(૧) બોર્ડ જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે બોર્ડના અધ્યક્ષ, સભ્ય અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી, ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) વ્યર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે, અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે બોર્ડે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત (ક) બોર્ડ તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે અથવા (ખ) (૧) બોર્ડ ધ્વારા સીધી ભરતીથી પસંદગી કરવાની

કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.

(૨) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને ઉમેદવારે બોર્ડ સમક્ષ રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે **નિમણુંક અધિકારી ધ્વારા** ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી બોર્ડ ધ્વારા ''રદ'' કરવામાં આવશે. તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/ નિમણુંક થયેલ હશે તો પસંદગી/ નિમણુંક બોર્ડ/ સમિતિ ધ્વારા કોઇપણ તબકકે ''રદ'' કરવામાં આવશે.

(૩) બોર્ડ ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણુંક માટેનો હકક મળી જતો નથી. નિમણુંક સમયે સક્ષમ સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

(૪) પસંદગી પામેલ ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર થશે.

(૫) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે, જાહેર સેવા સારું તે યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકાશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૬) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૯૮ અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

૧૨. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો બોર્ડને સંપૂર્ણ હકક/ અધિકાર રહેશે અને બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

તારીખઃ- ૨૭-૧૨-૨૦૧૦ — સચિવ

સ્થળઃ- અમદાવાદ — ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

અમદાવાદ

**ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ, જાહેરાત ક્રમાંકઃ ૨/ ૨૦૧૦-૧૧, અન્વયે ગ્રામ પંચાયત મંત્રીની ફકત બેકલોગની અનામત વર્ગની ખાલી જગા માટેનું ચેકલીસ્ટ.**

ઉકત જગા માટેની વયમર્યાદા તા. ૨૭-૦૧-૨૦૧૧ ની સ્થિતિએઃ-

૧૮ વર્ષથી ઓછી નહીં અને ૨૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ

| ક્રમ | ઉમેદવારની જાતિ | નીચેની તારીખો દરમ્યાન (બન્ને તારીખો સહીત) જન્મેલા હોવા જોઇએ. |
|---|---|---|
| ૧. | એસ.ટી./ એસ.ઇ.બી.સી. કેટેગરીના પુરૂષ ઉમેદવારો | તા.૨૭-૦૧-૧૯૮૧ થી તા. ૨૭-૦૧-૧૯૯૩ (બન્ને તારીખો સહીત) |
| ૨ | એસ.ટી./ એસ.ઇ.બી.સી. કેટેગરીની મહિલાઓ (૫+૫) | તા. ૨૭-૦૧-૧૯૭૬ થી તા. ૨૭-૦૧-૧૯૯૩ (બન્ને તારીખો સહીત) |
| ૩. | ૪૦% કે તેથી વધુ શારીરિક ખોડખાંપણ ધરાવતા અનામત વર્ગના પુરુષ ઉમેદવારો (૫+૧૦) | તા. ૨૭-૦૧-૧૯૭૧.થી તા. ૨૭-૦૧-૧૯૯૩ (બન્ને તારીખો સહીત) |
| ૪. | ૪૦% કે તેથી વધુ શારીરિક ખોડખાંપણ ધરાવતી અનામત વર્ગની મહિલાઓ (૫+૫+૧૦) | તા. ૨૭-૦૧-૧૯૬૬.થી તા. ૨૭-૦૧-૧૯૯૩ (બન્ને તારીખો સહીત) |
| ૫. | માજી સૈનિકઃ- (એસ.ટી./ એસ.ઇ.બી.સી.) કેટેગરી<br><br>સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૨-૭-૧૯૮૨ ના ઠરાવ ક્રમાંકઃ આરઇએસ-૧૦૮૧/ જીઓઆઇ/ ૫૮/ ગ-૨, અને તા.૨૦-૨-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ આરઇએસ/ ૧૦૨૦૦૦/ યુ.ઓ./ ૯૫૭/ ગ-૨. | ખાલી જગ્યાઓ ઉપરની નિમણુંક માટે જે માજી સૈનિકો તેમના સશસ્ત્ર દળોમાં છ મહીનાની સળંગ સેવા કરતાં ઓછી ન હોય તેટલી સેવા કરી હોય તે દરેક માજી સૈનિકને તેની ખરેખર ઉંમરમાંથી એવી સેવાની મુદત બાદ કરવાની છૂટ આપવામાં આવશે અને જે પરિણાત્મક ઉંમર જે જગા અને સેવા માટે તે નિમણુંક મેળવવા માંગતો હોય તે જગા અને સેવા માટે ઠરાવેલી કેટેગરીવાર વધુમાં વધુ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધુ ન હોય, તો તેણે વયમર્યાદા સંબંધી શરતનું પાલન |

| | | |
|---|---|---|
| | | કર્યું એમ ગણાશે. |
| ૬. | સરકારી નોકરીમાં હોય તેવા એસ.ટી./ એસ.ઇ.બી.સી. કેટેગરીના કર્મચારીઓ માટે | કેટેગરી પ્રમાણે મળતી છૂટછાટ ઉપરાંત વધુ ત્રણ વર્ષની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર થશે. (સંબંધિત ઉમેદવારે સરકારી નોકરીમાં હોવા અંગેનું પ્રમાણપત્ર બોર્ડ ધ્વારા માંગણી થયેથી અચૂક રજૂ કરવાનું રહેશે.) |
| ૭ | મહત્તમ ઉપલી વયમર્યાદા | તા. ૨૭-૦૧-૧૯૯૬ ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇશે. |
| ૮. | લઘુત્તમ વયમર્યાદા | તા. ૨૭-૦૧-૧૯૯૩ ના રોજ કે તે પહેલા જન્મેલ હોવા જોઇશે. |
| ૯. | શૈક્ષણિક લાયકાતઃ-<br>(૧) ગ્રામ પંચાયત મંત્રી | ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-૧૨/ H.S.C.E.) અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ. |
| ૧૦. | પરીક્ષા ફીઃ-<br><br>અનામત વર્ગ માટે, માજી સૈનિક, ૪૦% કે તેથી વધુ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવાર માટે | વિના મૂલ્યે |